# સિધ્ધપુર તથા મહેસાણા તાલુકા પો.સ્ટે. માં થયેલ ધાડમાં સંડોવાયેલ રાજુ મરાઠી અશોક બિહારી ગેંગના સભ્યોને પકડી પાડતી, સુરત શહેરની વરાછા પોલીસ.

સુરત શહેરના વરાછા પો.સ્ટે.ના પોલીસ માણસો પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો. પુથ્વીરાજસિહ જશવંતસિહ તથા પો.કો. પ્રતાપસિંહ વિજુભા નાઓને બાતમીની હકિકત મળેલ કે સિધ્ધપુર તથા મહેસાણા તાલુકા પો.સ્ટે.ના હદ વિસ્તારમાં આંગડીયા પેઢીના કર્મચારી તથા કોન્ટ્રાક્ટર પાસેથી રોકડા રૂપિયાની લુંટ કરનાર ઈસમ પૈકી એક ઈસમ વરાછા જુની બોમ્બે માર્કેટ ગુજરાત હાઉસીંગ બોર્ડ પાસે ઉભો છે અને તેણે શરીરે બ્લુ તથા કેસરી કલરના પટ્ટાવાળુ હાફ બાયનું ટી શર્ટ પહેલ છે તે આધારે તપાસ કરતા આરોપી મનુ ઉર્ફે બંકા રૂગનાથભાઈ પટેલ ઉ.વ.૩૭ હાલ રહે-બિલ્ડીંગ નં.૯ ઘર નં.૪૪૯ ના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ પાર્સલ ઓફિસમાં ગુજરાત હાઉસીંગ બોર્ડ વરાછા, સુરત મુળ રહે-પીપળવાસ ગામ,તા,જી-પાટણ નાઓને પકડી પાડી પુછપરછ કરતા તેણે નીચે મુજબના ગુન્હાઓની કબુલાત કરેલ.

(૧) તા:૦૩/૧૦/૨૦૧૮ ના રોજ પાટણ જીલ્લાના સિધ્ધપુરમાં આવેલ ગોકુળ કોલેજની સામે આઈ.ઓ.સી.પીકપ સ્ટેન્ડ પાસે બમ્પ આગળ વડગામ છાપી હાઈવે રોડ પર આવેલ ડાયમંડ કોમ્પલેક્ષમાં આવેલ આર.કે.એન્ટરપ્રાઈઝ નામની આંગડીયા પેઢીના ઈસમને આંતરીને ફરી.શ્રીની ગાડીને સ્વીફ્ટ લઈ આવેલ અજાણ્યા ઈસમોએ ગાડી રોકાવી પોતે પોલીસ હોવાની ઓળખ આપી ફરી.ને માથામા ધોકો મારી ફરી. પાસેથી રૂ.૧,૫૦,૦૦૦/- ભરેલ થેલો તથા એક મોબાઈલ ફોનની લુંટ કરી, નાશી ગયેલ (૨) તા:૦૫/૧૧/૨૦૧૮ના રોજ મહેસાણા જીલ્લાના બેચરાજી મહેસાણા હાઈવે પર આવેલ સુવિધા સર્કલ પાસે મહેસાણા જીલ્લાના જોટાણામાં આવેલ ગોલ્ફ સિરામીક કંપનીના કર્મચારી યુનિયન બેકમાંથી રૂ. ૨,૬૦,૦૦૦/- લઈ પોતાની કંપની તરફ જતા હતા તે વખતે તેઓને આંતરીને સ્વીફટ ગાડીમાં આવેલ અજાણ્યા ઈસમો ધારીયા લઈ આવી ફરી. ને ધારીયાથી હાથના ભાગે ઈજા કરી, ફરી. પાસેના રૂ. ૨,૬૦,૦૦૦/- ભરેલ થેલાની લુંટ કરી નાશી ગયેલ જે બન્ને ગુન્હાઓમાં સંડોવાયેલ હોય, જે વણશોધાયેલ ગુન્હો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.